ઉત્તરીય ખગોળમાં સપ્તર્ષિ અને શર્મિષ્ઠા મંડળ એ એવાં તારામંડળ છે કે જેના દ્વારા આકાશનાં અન્ય તારામંડળો ઓળખી શકાય છે. ધ્રુવ તારાની એક દિશામાં સપ્તર્ષિ મંડળ છે તો બરોબર તેની વિરૂદ્ધ દિશામાં તેટલા જ અંતરે શર્મિષ્ઠા મંડળ છે. રોમન આકારથી એમ કે ડબલ્યુ જેવી શર્મિષ્ઠા મંડળ આકૃતિ બનાવે છે. સપ્તર્ષિ અને શર્મિષ્ઠા મંડળ એકબીજાની વિરૂદ્ધમાં ધ્રુવ તારાથી લગભગ ૩૦ અંશ દુર છે. તેથી ઉત્તર યુરોપમાં આ બંને મંડળને એક સાથે ધ્રુવ તારાની પરિક્રમા કરતા જોઇ શકાય છે. પરંતુ ભારતમાં એક સમયે કોઇ એક જ મંડળ જોઇ શકાય છે.

ખગોળ વિજ્ઞાનના ઈતિહાસમાં શર્મિષ્ઠા મંડળનું ખાસ મહત્વ છે. આ મંડળના આલ્ફા, બીટા અને ગામા તારાઓના ઉત્તરમાં કાપ્યા નામનો એક મંદક્રાંતિ તારો છે. આ તારાની પાસે યુરોપના ખગોળ શાસ્ત્રીઓએ નવેમ્બર ૧૫૭૨માં એક નવો તારો (સુપરનોવા) જોયો હતો.

ટાઇકો તારા નામે ઓળખાતો આ તારો કેટલા દિવસો સુધી તો શુક્રની જેમ ચમકતો દેખાતો હતો, પરંતુ ત્યારબાદ તે અદૃશ્ય થઇ ગયો. તારામાં ભયંકર વિસ્ફોટ થવાની ઘટનાઓ સુપરનોવા કહે છે.




(સંદર્ભ : એસ્ટ્રોનોમી પ્રોજેક્ટસ)

# પ્લાઝ્મા – વિજ્ઞાન અને ટેક્નોલોજી

(...✍ડૉ. પૂરવી ઝવેરી–અમદાવાદ)

**જે અત્ર, તત્ર, સર્વત્ર વ્યાપેલ છે, અને જે અનેક વૈજ્ઞાનિક અને ટેક્નોલોજી સંભાવનાઓથી ભરપૂર છે,તે પ્લાઝમાનો સુંદર પરિચય આ લેખમાં મળશે. લેખિકાએ પૂર્વે IPR–ગાંધીનગરમાં સંશોધન કામગીરી કરેલ છે.**

**પ્રસ્તાવના...**

પ્લાઝ્માં અત્યંત વધુ તાપમાન ધરાવતું દ્રવ્ય છે. એટલું ઉષ્ણ કે જેમાં પરમાણુઓમાંથી ઈલેક્ટ્રોન છુટાં પડે છે અને આયનિત વાયુ ઉત્પન્ન થાય છે. દશ્યમાન બ્રહ્માંડનો ૯૯ ટકા ભાગ પ્લાઝમાનો બનેલો છે. રાત્રિના સમયે આકાશમાં ચમકતા અસંખ્ય તારાઓ તથા નિહારિકાઓ પ્લાઝ્માના બનેલા છે. ઉત્તર અને દક્ષિણ ધ્રુવીય આકાશમાં દેખાતાં અલૌકિક ધ્રુવીય જયોતિ (aurora) પણ પ્લાઝ્મામાં પ્રગટે છે. આકાશને જાણે તિરાડો દ્વારા વિભાજિત કરી દેતી વીજળીઓ પણ પ્લાઝ્માં છે અને સડકો પર દેખાતી નિયોન સાઈનમાં પણ પ્લાઝ્મા રહેલ છે. આપણા ઘરોમાં પ્રકાશ આપતી ટ્યૂબલાઈટમાં પણ પ્લાઝ્માં છે, તો સમગ્ર પૃથ્વીને પ્રકાશ આપતો સૂર્ય, કે જેને કારણે જીવન શકય બન્યું છે, તે પણ પ્લાઝ્માનો જ બનેલો છે.

પ્લાઝમાનો ઉલેખ પદાર્થના ચોથા સ્વરૂપ તરીકે થાય છે, પ્રથમ ત્રણ સ્વરૂપો ઘન, પ્રવાહી અને વાયુ, જે રીતે પ્રવાહી ગરમ થઇને વાયુમાં રૂપાંતરિત થાય છે, તે જ રીતે વાયુ અતિ ઊંચા ઉષ્ણતામાને પ્લાઝ્મા રૂપાંતરિત થાય છે – જે મુકત ધનવીજભારિત કણો (આયન) તથા ઋણ વીજભારિત કણો (ઈલેક્ટ્રોન) તેમજ તટસ્થ કણો (પરમાણુ – અણુઓ)નો સમૂહ છે. બ્રહ્માંડ મહદંશે પ્લાઝ્માંનુ બનેલું હોવાથી અનેકવિધ ક્ષેત્રોમાં વૈજ્ઞાનિકો માટે પ્લાઝ્માના ગુણધર્મો અને વર્તણૂંક અત્યંત રસનો વિષય બની રહે છે. ખાસ કરીને અત્યાધિક તાપમાને જયારે ન્યુકિલર (સંલયન)માં ઊર્જાનો ઉદ્ભવ શકય બને છે, ત્યારે દ્રવ્ય સંપૂર્ણપણે પ્લાઝ્મા સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે; આવા સંપૂર્ણ પણે આયનિત વાયુને કોઈ સીમામાં બાંધવા માટે ચુંબકીય ક્ષેત્રોનો ઉપયોગ કરવામાં આવે છે તથા અનેક વિધ પ્રકારે પ્લાઝ્માને ગરમ કરીને અતિ ઊંચુ તાપમાન (સૂર્યના કેન્દ્રના તાપમાન કરતાં પણ વધુ) પ્રાપ્ત કરવામાં આવે છે. સંશોધકો પ્લાઝ્માનો અભ્યાસ બીજાં અનેક ઉપયોગો માટે પણ કરે છે. જેવા કે કમ્પ્યુટર ચિપ્સની બનાવટ, રોકેટ પ્રક્ષેપણ, પર્યાવરણની સ્વચ્છતા, હાનિકારક જૈવિક કચરાનો નિકાલ– આવી ઘણી રોમાંચક ઉપયોગિતા માટે પ્લાઝ્મા પર અભ્યાસ અને સંશોધનો થાય છે.

**પ્લાઝ્માની લાક્ષણિકતાઓ :**

પ્લાઝ્મા ઘન અને ઋણ વિદ્યુત ભાર ધરાવતાં આયન અને ઈલેક્ટ્રોન કણોનો બનેલો હોવાથી બાહ્ય વિદ્યુત ક્ષેત્ર તથા ચુંબકીય ક્ષેત્ર દ્વારા તે ખૂબ પ્રબળ રીતે પ્રભાવિત થાય છે. તે ઉપરાંત પ્લાઝ્માના આંતરીક વિદ્યુતક્ષેત્ર તથા ચુંબકીયક્ષેત્ર પણ સ્વયં પ્લાઝમા પર અસર કરે છે. પ્લાઝ્મા કણોનું સ્થાનીય એકત્રીકરણ તથા અંતરાત્મક ગતિ (Differential Motion) વિદ્યુતભારિત કણોની વિશિષ્ટ ગતિને કારણે ઉદભવે છે. આંતરિક વિદ્યુત તથા ચુંબકીય ક્ષેત્રોની અસર પ્લાઝમામાં લાંબા અંતરો સુધી અનુભવાય છે જેને કારણે પ્લાઝ્મામાં કણો સામુહિક, સુસંગત વર્તણૂંક (collective behavior) ધરાવે છે જે સામાન્ય વાયુમા જોવા મળતી નથી. પ્લાઝ્મામાં વિવિધ પ્રકારના તરંગો ઉત્પન્ન થાય છે, જે પ્લાઝ્મા કણોની સામુહીક વર્તણુંકનુ ઉત્તમ ઉદાહરણ છે. પ્લાઝ્મા ભલે વિદ્યુતભાર ધરાવતા કણોનો બનેલો હોય, વિદ્યુતભારનુ સ્થાનિક કેન્દ્રીકરણ પણ હોય, જેને લીધે સ્થાનિક વિદ્યુત સ્થિતિમાન હોય પરંતુ એકંદરે પ્લાઝમા વિદ્યુતભાર તટસ્થ છે કારણ કે તેમાં ઘન વિજભારિત તથા ઋણ વિજભારિત કણોની સંખ્યા લગભગ સરખી છે.

પ્લાઝ્મા ખાતે થર્મોડાયનેમિક સંતુલનથી તદ્દ્ન વિપરિત અવસ્થામાં હોવાથી તેમાં મહદંશે અસુરેખ સામુહિક ઘટનાઓ, પ્રક્રિયાઓ જોવા મળે છે અને તે રીતે પ્લાઝ્મા અજોડ છે. તેના અભ્યાસથી સુરેખીય ઘટનાઓ જેમ કેઑસ, ટર્બ્યુલન્સ, એનોમેલસ, ટ્રાન્સપોર્ટ, સોલિટોન્સ, વોર્ટાઈસિસ વિશે અઢળક સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક માહિતી પ્રાપ્ત થાય છે તથા આ ઘટનાઓ અંગે માત્રાત્મક (Quantitative) માહિતી પ્રાપ્ત થાય છે, જેને લીધે પ્લાઝ્માને વર્ણવવા માટેના નવા સિદ્ધાંતો અંગે એક સૂજ કે દિશા મળે પ્લાઝ્મા છે.

**કુદરતી રીતે ઉત્પન્ન થતો પ્લાઝ્માં**

દશ્યમાન બ્રહ્માંડમાં ૯૯ % દ્રવ્ય ૯૯% દ્રવ્ય 'પ્લાઝ્મા બ્રહ્માંડ' એવો શબ્દ પ્રયોગ થયો. અહીં 'દશ્યમાન બ્રહ્માંડ' પોતે જ એક રસપ્રદ શબ્દ પ્રયોગ છે. બ્રહ્માંડના કુલ દળ ઊર્જાનો ૪.૯ ટકા ભાગ દશ્યમાન દ્રવ્ય, ૨૬.૮% ભાગ અદશ્ય

દ્રવ્ય (ડાર્ક મેટર) તથા ૬૮.૩% ભાગ અદશ્ય ઊર્જા (ડાર્ક એનર્જી) છે. આમ બ્રહ્માંડનો ૪.૯% ભાગ જે દશ્યમાન છે તેનો ૯૯% ભાગ પ્લાઝ્માનો બનેલો છે. બ્રહ્માંડમાં પ્લાઝ્માની ઉપસ્થિતિ ખૂબ સામાન્ય છે. અત્યંત દૂરના તારાઓ તથા તારાઓ વચ્ચેના માધ્યમમાં પ્લાઝ્માની ઉપસ્થિતિ હોય છે. તારાઓની ફરતે રહેલી એક્રિશન ડિસ્ક, વ્હાઇટ ડવાઈ, ન્યુટ્રોન તારાઓ, બાઇનરી વ્યવસ્થામાં રહેલા બ્લૅક હોલ્સ વગેરેમાં પ્લાઝ્માનું અસ્તિત્વ છે. અવકાશમાં દશ્યમાન પ્રકાશ તે તારાઓમાં રહેલા પ્લાઝ્મા તથા તારા વિશ્વો વચ્ચેના માધ્યમમાં રહેલા પ્લાઝ્માને આભારી છે. આપણી સૂર્યમાળામાં સૂર્ય પોતે પ્લાઝ્માનો બનેલો છે. સૂર્ય માળાના ગ્રહો વચ્ચેના અવકાશમાં પ્લાઝ્મા છે. જે સૂર્યની સપાટી પરથી ઉત્પન્ન થતા સૌર પવનો દ્વારા ફેંકાતા સૂર્યમાળાના ગ્રહો પ્લાઝ્માને આભારી છે. પૃથ્વી તથા અન્ય ગ્રહોના આયનોસ્ફિયર, મેગ્નેટો–સ્ફિયર પ્લાઝ્માના બનેલા છે. કેટલાક ગ્રહોના ચંદ્રોમાં પણ પ્લાઝ્મા હોય છે.

## કુદરતી રીતે ઉત્પન્ન કરવામાં આવતો પ્લાઝ્મા

આ પ્રકારના પ્લાઝ્માની શ્રેણીમાં પ્રયોગશાળામાં સંશોધનાર્થે ઉત્પન્ન કરવામાં આવતા પ્લાઝ્માનો સમાવેશ થાય છે. તે ઉપરાંત ઉપયોગાત્મક હેતુથી પણ પ્લાઝ્મા ઉત્પન્ન કરવામાં આવે છે, જેમ કે પ્લાઝ્મા ડિસ્પ્લે પૅનલ, ૯૯% દ્રવ્ય ૯૯% દ્રવ્ય 'પ્લાઝ્મા બ્રહ્માંડ' આથી ટ્યુબલાઇટ, નિયોન સાઇન, રૉકેટ પ્રક્ષેપણ, ફ્યૂઝન પ્લાઝ્મા, ઇલેક્ટ્રીક આર્ક અથવા પ્લાઝ્માં આર્ક વેલ્ડિંગ, પ્લાઝ્મા ટોર્ચ વગેરે. જેમ–જેમ આપણે પ્લાઝ્મા વિશે પ્રયોગ શાળામાં વધુને વધુ જાણકારી મેળવીએ છીએ, પ્લાઝમા અંગેની ટેકનિકો વધુને વધુ કુશળતાથી હસ્તગત કરીએ છીએ, તેમ તેમ પ્લાઝ્માને વધુને વધુ ઉપયોગલક્ષી હેતુઓ માટે વાપરી શકીએ છીએ. ફ્રીઇલેક્ટ્રોન લેસર, પ્લાઝ્મા પ્રોસેસિંગ, નવીન પ્રકારનાં કણ પ્રવેગકો (એક્સિલેટર્સ) MHD મૅગ્નેટો–હાઇડ્રોડાયનેમિક પાવર જનરેશન એ ઝડપથી વિકસતાં ક્ષેત્રો છે. પ્લાઝમા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી આજે પણ પાયાના ખ્યાલોની નવીનતાની સાથે સાથે ઉપયોગલક્ષી સંશોધનો અને પ્રયોગોની દિશામાં અસીમ શકયતાઓ ધરાવે છે.

## વિવિધ પ્રકારનાં પ્લાઝમા

પ્લાઝ્માના કેટલાંક વિશિષ્ટ, અવનવાં પ્રકાર છે અને આ પ્રકારો પર વિશાળ પ્રમાણમાં સૈદ્ધાંતિક અને પ્રાયોગિક કાર્ય થયું છે.

### (૧) નૉન-ન્યૂટ્રલ પ્લાઝ્મા

સામાન્ય રીતે પ્લાઝ્મામાં ધન અને ઋણ વિદ્યુતભાર ધરાવતાં કણો સરખી માત્રામાં હોય છે. પરંતુ એક જ પ્રકારનો સામુહિક વર્તણુંક દર્શાવે છે તથા પ્લાઝ્મા તરંગો અને (ઇન્સ્ટેબિલિટી) અસંતુલન જેવી ઘટનાઓ જોવા મળે છે. આ પ્રકારના પ્લાઝ્માને નૉન–ન્યૂટ્રલ પ્લાઝ્મા કહે છે. ઇલેક્ટ્રોન પ્લાઝ્મા, પોઝિટ્રોન પ્લાઝ્મા તથા પ્યૉર આયન પ્લાઝ્માં તેના ઉદાહરણો છે. આ પ્રકારના પ્લાઝ્મામાં આંતરિક વિદ્યુતક્ષેત્ર મહત્વનો ભાગ ભજવે છે. નૉન ન્યૂટ્રલ પ્લાઝ્માને બંધિત કરવા માટે એકબીજાને લંબ એવા વિદ્યુત અને ચુંબકીય ક્ષેત્રોની જરૂર પડે છે તથા તેમાં ગતિશીલ સંતુલન પ્રાપ્ત થાય છે.

ઇલેક્ટ્રોન પ્લાઝ્માં પર વિશાળ પ્રમાણમાં સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક સંશોધનકાર્ય કરવામાં આવ્યું છે. પ્યૉર આયન પ્લાઝ્મા પણ પ્રયોગશાળામાં ઉત્પન્ન કરવામાં આવ્યા છે. પોઝિટ્રોન પ્લાઝ્માના ઉપયોગો ઘણાં છે. ખગોળ–શાસ્ત્ર, સંઘુનિત અવસ્થા ભૌતિકી તથા સર્ફેસ ફિઝિક્સની ઘટનાઓ સમજવા માટે ઘણાં ઉપયોગી છે, સાથે સાથે સમાન દળ (Equal-Mass) પ્લાઝ્માના ગુણધર્મો સમજવા માટે પણ તે મહત્વના છે.

ઇલેક્ટ્રોન પ્લાઝ્માને અતિ નિમ્ન તાપમાને ઠંડો કરવા છતાં પણ તે ફરી જોડાણ થઇને તટસ્થ વાયુ ઉત્પન્ન કરતો નથી, કારણ, આયનોની ગેરહાજરી! તેને વધુ નિમ્ન તાપમાને (–૫ કેલ્વિન) ઠંડો કરવાથી તેની અવસ્થામાં પરિવર્તન થાય છે. (ફેઝ ટ્રાન્ઝિશન) અને ઇલેક્ટ્રોન સ્ફટિક અથવા ક્રિસ્ટલ બને છે. આ પ્રકારના પ્લાઝ્મા ક્રાયોજેનિક પ્લાઝ્મા તરીકે ઓળખાય છે. તે જ પ્રમાણે આયન પ્લાઝ્માને ક્રાયોજેનિક તાપમાને ઠંડો કરવામાં આવતા આયન પ્રવાહી, લિક્વિડ ક્રિસ્ટલ તથા ક્રિસ્ટલાઇન આયન કલ્સ્ટર બને છે. અહીં સ્ટ્રોંગ કોરિલેશનને લગતું ભૌતિકશાસ્ત્ર ભાગ ભજવે છે.

### (૨) ક્વાર્ક -ગ્લુઑન પ્લાઝ્મા

એવી ધારણા છે કે બ્રહ્માંડના ઉદ્ભવ (Big bang) પછીની થોડીક મિલીસેકન્ડો દરમ્યાન દ્રવ્ય 'ક્વાર્ક–ગ્લુઑન' પ્લાઝ્માની સ્થિતિમાં હતું. ક્વોન્ટમ ક્રોમોડાયનેમિક્સમાં ક્વાર્ક ગ્લુઑન પ્લાઝમા એ દ્રવ્યની એક સ્થિતિ છે જે અત્યંત અધિક ઘનતા અને તાપમાને અસ્તિત્વ ધરાવે છે. સ્વિટ્ઝરલેન્ડ સ્થિત યુરોપિયન સેન્ટર ફોર ન્યુક્લિયર રિસર્ચ (CERN) તથા અમેરિકા સ્થિત બ્રૂકહેવન નેશનલ લેબોરેટરીમાં હાથ ધરવામાં આવેલા પ્રયોગોમાં ક્વાર્ક – ગ્લુઑન પ્લાઝ્મા ઉત્પન્ન કરવામાં આવ્યા છે. આ પ્રયોગોમાં સોના અને સીસા (Au, Pb) ના આયનોને લગભગ પ્રકાશની ગતિએ

પ્રવેગિત કરી અથડામણો કરાવવામાં આવે છે. ૧૦[૧૨] ડિગ્રી સેલ્સિયસ જેટલું ઊંચું તાપમાન અથવા ૧૭૫ Mev જેટલી ઊર્જા પ્રાપ્ત કરવામાં આવે છે. ક્વાર્ક–ગ્લુઑન પ્લાઝ્મા પર હાલમાં પ્રાયોગિક તેમજ સૈદ્ધાંતિક સંશોધનો થઈ રહ્યાં છે.

**(૩) ડસ્ટી પ્લાઝ્માં (ધુલિકરણ પ્લાઝ્મા) :** ડસ્ટી પ્લાઝ્મા એ અત્યંત રસપ્રદ અને રોમાંચક વિષય છે. આ પ્રકારનો પ્લાઝ્મા ધૂલિકણો ધરાવે છે, જે વિદ્યુતભારિત હોય છે. વિદ્યુતભાર ધરાવતા ધૂલિકણો પર ગુરુત્વાકર્ષણ બળ તેમ જ વીજ ચુંબકીય બળ કાર્યાન્વિત થાય છે. આ બ્રહ્માંડમાં બે ઘટક તત્વો એવાં છે, જેમની હાજરી સર્વત્ર છે તે છે પ્લાઝ્મા અને વિદ્યુત ભારિત ધૂલિકણો. આ બે વચ્ચેની પ્રક્રિયાને લીધે ડસ્ટી પ્લાઝ્મા નામે એક નવું જ સંશોધન ક્ષેત્ર અસ્તિત્વમાં આવ્યું છે. તથા ખૂબ ઝડપથી વિકસી રહ્યું છે. ડસ્ટી પ્લાઝ્મામાં મિલીમીટરથી નેનોમીટર કદના ધૂલિકણો તરતાં હોય છે. આ વિદ્યુતભારિત રજકણોની ગતિવિધિ નવી જ ભૌતિક ઘટનાઓનો નિર્દેશ કરતી હોવાથી ડસ્ટી પ્લાઝમા 'સંકૂલ પ્લાઝ્મા પ્રણાલી' (Complex Plasma) તરીકે પણ ઓળાય છે. ડસ્ટી પ્લાઝ્મા પરના સંશોધનો અવકાશીય પ્લાઝ્મા (Space Plasma) તથા ખગોળ શાસ્ત્રની ઘણી ઘટનાઓ સમજવામાં મદદરૂપ થાય છે. સૂર્ય માળાના વિવિધ ભાગો જેવા કે ગ્રહો વચ્ચેનું માધ્યમ, ગ્રહોની આજુ બાજુના વલયો, ધૂમકેતુઓ, વાતાવરણમાં ટ્રોપોસ્ફિયર, મેસોસ્ફિયર, વીજળીઓ વગેરેમાં ડસ્ટી પ્લાઝ્માનું અસ્તિત્વ હોય છે. તે ઉપરાંત તારાઓ વચ્ચેનું માધ્યમ, આણ્વિક વાદળો (Interstellar Molecular Clouds) વગેરેમાં પણ ડસ્ટી પ્લાઝ્મા છે. પ્રૌદ્યોગિક ક્ષેત્રે અનેક પ્રકારની પ્લાઝ્મા ટેકનોલોજીમાં ડસ્ટી પ્લાઝ્માનો ઉપયોગ થાય છે, જેમ કે ઈલેક્ટ્રોનિકસ, પર્યાવરણ નિયંત્રણ તથા ધાતુશાસ્ત્ર (metallurgy).

**પ્લાઝ્મા ટેકનોલોજીનો ઉદ્યોગમાં ઉપયોગ :** પ્લાઝ્મા પર આધારિત ટેકનોલોજીનો ઉપયોગ પદાર્થના રાસાયણિક અને ભૌતિક ગુણધર્મો બદલવા માટે કરવામાં આવે છે. પદાર્થ પર અથવા તેની સપાટી પર પ્લાઝ્મા વડે પ્રક્રિયા કરવી તે પ્લાઝ્મા પ્રોસેસિંગ. આ પ્રક્રિયા દ્વારા પદાર્થની ગુણવત્તા સુધરે છે અથવા કોઈ ચોકકસ હેતુ સિદ્ધ થાય છે. પ્લાઝ્મા ટેકનોલોજીની મદદથી અવનવા ઉપયોગો અંગે પ્રયોગો હાથ ધરવામાં આવે છે. ગાંધીનગરના ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલું કેન્દ્ર 'ફેસિલિટેશન સેન્ટર ફોર ઈન્ડસ્ટ્રીયલ પ્લાઝ્મા ટેકનોલોજીઝ' (FCIPT) આ ક્ષેત્રમાં મહત્વની કામગીરી કરે છે, અને દેશભરમાં આ પ્રકારનું કાર્ય કરતી તે એકમાત્ર સંસ્થા છે. આ કેન્દ્ર ઈન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝ્મા રિસર્ચ (IPR)નો એક ભાગ છે. (FCIPT) નવી ટેકનોલોજી વિકસાવીને ઉદ્યોગો સુધી પહોંચાડવાનું કામ કરે છે.

**પ્લાઝ્મા ટેકનોલોજીની મદદથી થતી પ્રવૃત્તિઓનાં કેટલાંક ઉદાહરણો**

**(૧) પ્લાઝ્ નાઈટ્રાઈડિંગ**

પ્લાઝ્માની મદદથી નાઈટ્રોજન વાયુના પરમાણુઓને ધાતુમાં દાખલ કરવામાં આવે છે, પરિણામે ધાતુની સપાટી વધુ મજબૂત બને છે, ખવાતી નથી અને ઘસારો નથી થતો. વધુ ટકાઉ ઔદ્યોગિક સાધનો બનાવી શકાય છે જેવા કે ગિયર, કટિંગ, ટૂલ્સ, ડાઈઝ વગેરે. (FCIPT) દ્વારા ભારતનું પ્રથમ પ્લાઝ્મા નાઈટ્રાઈડિંગ રિએક્ટર તૈયાર કરવામાં આવ્યું છે.

**(૨) પ્લાઝ્મા આધારિત આવરણ**

પ્લાઝ્માની મદદથી કેમિકલ વેપર ડિપોઝિશન કરવામાં આવે છે; જેમાં તે પદાર્થની વરાળ ઉત્પન્ન કરી તેનું બીજા પદાર્થ પર આવરણ (Coating) કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે (Teflon Coating) વાહનોની હેડ લાઈટમાં એલ્યુમિનિયમનું આવરણ વગેરે.

(૩) પ્લાઝ્માની મદદથી ધાતુઓનું રેણ (Plasma are Welding) અને ધાતુઓને કાપવાનું કામ (Metal Cutting) ઘણી જ સહેલાઈથી શકે છે.

(૪) ઊંચા તાપમાનવાળી પ્લાઝ્મા ટોર્ચ અથવા પ્લાઝ્મા પાયરોલિસીસ દ્વારા હાનિકારક જૈવિક કચરાનો નાશ (Destruction of Biomedical Waste) થઈ શકે છે.

**(૫) પર્યાવરણના પ્રદૂષણ નિયંત્રણ**

પ્લાઝ્મા ટેકનોલોજીની મદદથી જળ, જમીન તથા હવાનું પ્રદૂષણ અસરકારક રીતે નિયંત્રિત થઈ શકે છે.

**(૬) પ્લાઝમા એચિંગ (etSching)**

ઈલેક્ટ્રોનિકસ ક્ષેત્રે ચિપ (chip) બનાવવામાં પ્લાઝ્મા એચિંગ ઉપયોગ થાય છે. વસ્ત્રોની સપાટીમાં સુધારો કરી મજબુત ટકાઊ બનાવવામાં પણ આ પદ્ધતિનો ઉપયોગ થાય છે.

૭) નેનોમટિરિયલનું ઉત્પાદન પ્લાઝ્મા આધારિત પ્રણાલીઓનો ઉપયોગ વિવિધ પ્રકારના નેનોમટીરિયલ બનાવવામાં થાય છે.

(ક્રમશઃ)

(ભવિષ્યના પડકારો : આવતા અંકમાં)

# સાઈબર અપરાધ

... જીતેન્દ્ર ખર્ડે
(સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર), અમદાવાદ-૧૫

અઢારમી સદીમાં ઉત્તરાર્ધમાં આરંભાયેલી ઔદ્યોગિક વિકાસની સાથે સાથે પ્રાપ્ત થયેલી વિજ્ઞાનીક ઉપલબ્ધીઓને લીધે વૈશ્વિક આંતર રાષ્ટ્રીય સંબંધોના સમિકરણો પણ બદલાતા ગયા. વ્યાવસાયિક અને સામાજીક વિકાસની સામયિક આકાંક્ષાઓને લઈને સંચાર અને સુચના પ્રૌદ્યોગિકી (Information Technology-IT) ક્ષેત્રે પણ અણધારી ગતિ આપી હતી. તેમાં કૃત્રિમ સંચાર ઉપગ્રહોના પ્રક્ષેપણ પછી તો વૈવિશ્વક સંદેશા વહેવાર અને સુચના પ્રૌદ્યોગિકી ક્ષેત્રે થયેલી ઝડપી પ્રગતિની સમગ્ર વિશ્વ એક ગામ કે કુટુંબમાં પરિવર્તિત થઈ ગયું. આજે આપણે દુનિયામાં કોઈ પણ જગ્યાએ રહેતા હોઈએ સંચાર ઉપગ્રહોનો નેટવર્કથી એકબીજા સાથે જોડાયેલા છીએ. ત્યાર પછી લગભગ ૮૦ના દશકમાં ઈન્ટરનેટનું આગમન થયું અને તેનાથી માહિતીનું આદાન-પ્રદાન અતિ ઝડપથી થવા લાગ્યું. આજે ઈન્ટરનેટના માદયમથી ઝડપી માહિતી અને સુચનાઓનું આદાન - પ્રદાનની સાથે સાથે જીવનમાં દરેક ક્ષેત્રે ઈન્ટરનેટનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. મુખ્યતઃ પૈસાની લેવડ-દેવડ (Banking) શિક્ષણ, શોધ અને સંશોધન (R&D) ઓન લાઈન બિલ પેમેન્ટ, રેલવે, વિમાન રિઝર્વેશન, ખરીદી-વેચાણ જેવા વિવિધ ક્ષેત્રોમાં ઈન્ટરનેટ ખુબ જ ઉપયોગી સિદ્ધ થયું છે.

ઈન્ટરનેટ સંપૂર્ણતઃ સ્વતંત્ર નેટવર્ક છે. તેનું જાળ (NETWORK) એટલું વિશાળ છે કે તેના પર નિયંત્રણ મુકવું લગભગ અશકય છે તેમાં નેટવર્કસના પે-નેટવર્કસ એટલા બધા છે કે કોણ કયાંથી માહિતી મુકે તે અને કોણ કયાંથી માહિતી લે છે તેનું નિયંત્રણ કરવા માટે કોઈ સંસ્થા કે એજન્સી નથી. આજ કારણસર આજે તેનો દુરૂપયોગ થવા લાગ્યો છે. જેમ -જેમ ઈન્ટરનેટનો વ્યાપ વધતો જાય છે તેમ-તેમ તેની સંબંધિત અપરાધો (CRIMES) પણ ઝડપથી વધી રહ્યા છે. કેટલો અપરાધિ અને વિકૃત માનસ ધરાવતા લોકો આનો અયોગ (WORNG) રીતે ઉપયોગ કરવા લાગ્યા છે. તેઓ ઈન્ટરનેટના માધ્યમથી નેટવર્કમાં જોડાયેલાં કોમ્પ્યુટર્સને ''હેક'' કરી લે છે, તેમાં ''વાઈરસ'' ફેલાવે છે. કયારેક તો સરસ ચાલતી વ્યવસ્થાને અચાનક જ ઠપ્પ કરી દે છે. હવે આંતકવાદી સમુહો પણ પોતાના ગુપ્ત સંદેશાઓની આપ-લે કરવા માટે અને આતંકવાદી પ્રવૃત્તિઓને અંજામ આપવા માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરતા થયા છે. આટલું ઓછું હોય ત્યાં ઈન્ટરનેટ પર કેટલીક અશ્લીલ વેબસાઈટ પણ અપલોડ થાય છે જે સાંસ્કૃતિક અને માનસિક પ્રદુષણ ફેલાવી રહી છે. ઈન્ટરનેટ દ્વારા છેતરપિંડી, ફંડ-ફાળો ઉઘરાવવો, ખોટી માહિતીનો દુઃષ્પ્રચાર કરવો, ગેલસિંગ વગેરે - વગેરે સામાન્ય બની ગયું છે. ''હેકિંગ'' જેવી વિકૃત પ્રવૃત્તિઓ ઈન્રનેટ સુવિધાને દુવિધામાં પરિવર્તિત કરી દીધી છે. આ ભયાનક પ્રવૃત્તિથી મોટાભાગના કોમ્પ્યુટર ઉપભોકતાઓ પ્રભાવિત છે. આ બધી અપરાધભાવ ધરાવતી અયોગ્ય પ્રવૃત્તિઓ એટલે જ સાઈબર અપરાધ.

સાચી વાત તો એ છે કે કોઈપણ નવીન વૈજ્ઞાનિક શોધ કે ટેકનિકલ સુવિધા બેધારી તલવાર જેવી હોય છે. તેનો સકારાત્મક રીતે ઉપયોગ કરો તો તે વરદાન સિદ્ધ થઈ શકે છે. અને જો તેનો નકારાત્મક રીતે ઉપયોગ કરવામાં આવે તો તે એક (અભિશાપ) પણ બની શકે છે. ઈન્ટરનેટનો થઈ રહેલો દુષ્પ્રયોગ પણ એ વાતની પુષ્ટિ કરે છે. ઈન્ટરનેટનો સૌથી મહવત્નો ગુણ જ તેનો દુર્ગુણ બની ગયો છે. ઈન્ટરનેટ પ્રણાલીમાં પોતાની ઓળખ છુપાવી રાખવાની જે મહત્વની સુવિધા છે. તે જ તેનો મોટાભાગના દુરૂપયોગનું કારણ બની ગયું છે. જયાં અપરાધિક માનસ ધરાવતા લોકો પોતાની નકારાત્મક માનસિકતાની સંતુષ્ટી માટે ઈન્ટરનેટનો ખોટી રીતે ઉપયોગ કરી રહ્યા છે. અને તેથી જ આજે ઈન્ટરનેટ એકવિસમી સદીમાં થયેલી સંચાર ક્રાંતિ અને સૂચના આદાન-પ્રદાનના એક પ્રભાવશાળી માદયમ બનવાની જગ્યાએ અનેક પ્રકારનાં સાઈબર અપરાધોનો અડ્ડો બની ગયું છે. અનેક સાવચેતીઓ રાખવા છતાંય આજે લાખો લોકો તેનો ભોગ બની રહ્યા છે અને તેનાથી લોકોને કે દેશને આર્થિક નુકશાન પણ થઈ રહ્યું છે.

કોમ્પ્યુટર કિ-બોર્ડ પર કરેલી એક ''કલીક''થી જયા ગઢલાબંધ ઉપયુકત સુવિધાઓ અને માહિતીનો ખજાનો ખુલી જાય છે, તેમાં કોઈ અપરાધિક વૃત્તિનો શેતાની મગજની ધૃણાસ્પદ પ્રવૃત્તિઓ સામેલ થાય તો સમસ્ત પ્રણાલી કે વ્યવસ્થામાં મોટો અનર્થ સર્જવામાં વાર લાગતી નથી. અત્યાર સુધી કોમ્પ્યુટર આધારિત સાઈબર અપરાધના અનેક પ્રકાર સામે આવ્યા છે. તેમાં મુખ્યતઃ જાણી-બુઝીને કે યોજનાબદ્ધ રીતે ઈન્ટરનેટના માદમયથી નેટવર્કમાં રહેલા કોમ્પ્યુટર્સમાં વાઈરસ ફેલાવવો, બીજા કોમ્પ્યુટરોની માહિતીને સંક્રાતિ કરવી અથવા નષ્ટ કરવી, ચોરી-છુપીથી બીજા કોમ્પ્યુટરમાંથી માહિતીની ચોરી કરવી, નૈતિકતાનુ ઉલ્લંઘન કરે તેની વેબસાઈટ બનાવવી અને તેનો પ્રચાર-પ્રસર કરવો.

આ સિવાય હવે આતંકવાદી સમુહો પણ પોતાના ગુપ્ત સંદેશાઓનું આદાન–પ્રદાન કરવા માટે અશ્લીલ તસ્વીરો બનાવી અથવા તો તે પ્રકારની ગ્રાફિકલ ફાઇલ બનાવી ઉપયોગ કરતા થયા છે. સામાન્ય સંદેશાઓને કારણે પકડાઇ જવાનો ડર રહેતો હોવાથી તેઓએ હવે નવી ટેકનિક વિકસાવી છે. કોઠિત (ENCODED) અને ગુપ્ત સંદેશા (ENCRUPTING) પધ્ધતિથી તેઓ સુચનાઓનું આદાન–પ્રદાન કરતા જાય છે. આના પરિણામો અત્યંત ઘાતક આવી શકે છે. આતંકવાદીઓએ ઇન્ટરનેટ ‘‘ડેડ–ડ્રોપિંગ’’ પણ કરતા હોય છે. આનો મતલબ એક વ્યકિત એવી ગુપ્ત જગ્યાએ પોતાના સંદેશા કે સામગ્રી મુકી દે છે, કોઇને તેની શંકા પણ જતી નથી. અનેક આતંકવાદી સંગઠનો હાલમાં આ પદ્ધતિનો ઉપયોગ કરે છે. આંતકવાદી સંગઠનો હાલમાં આ પદ્ધતિનો ઉપયોગ કરે છે. કેટલાક આતંકવાદી સંગઠનો પોતાની યોજના સરળાથી પાર પાડવા માટે પોતાના ગુપ્ત સંદેશાનો પોતાની યોજના સરળતાથી પાર પાડવા માટે પોતાના ગુપ્ત સંદેશાઓ જાહેરાતોના બુલેટીન બોર્ડ પર મુકી દે છ જેના પર સામાન્ય લોકોને કોઇ શક પડતો નથી. આવા અનેક પ્રકારનાં અપરાધોથી સાઇબર અપરાધે છેલ્લા એ દશકમાં પોતાનું ભયાનક સ્વપ્ન દેખાડી દીધું છે.

સાઇબર અપરાધની વિસ્તૃત સ્વરૂપે વ્યાપકતા જોઇએ તો એનુ કોઇ પણ કાર્ય અથવા તો પ્રક્રિયા જેનાથી કોમ્પ્યુટર અને તેમાં રહેલાં પ્રોગ્રામ્સ કે સંગ્રહિત માહિતી પર તેની પ્રતિકુળ અસર થાય તે બધા જ કાર્યો સાઇબર અપરાધના ક્ષેત્ર (RANGE)માં આવે છે. તેની શાહીમાં કહીએ તો એવું કોઇ પણ કૃત્ય કે અપરાધ જેનો ઉદ્દેશ કોમ્પ્યુટરથી સામાન્ય કાર્ય પદ્ધતિમાં હસ્તક્ષેપ કે અવરોધ સાઇબર અપરાધ કહેવાય આને વધુ વિસ્તારિત ભાષામાં કહેવામાં આવે તો કોમ્પ્યુટર સંબંધીત કોઇ પણ એવી ઘટના જેનાથી કોમ્પ્યુટર કે તેના ઉપયોગકર્તા માલિકને નુકશાનકારક હોય અને તેને આચરનાર અપરાધી વ્યકિતને લાભકારક હોય તે બધી જ પ્રવૃત્તિઓ સાઇબર અપરાધના દાયરામાં આવે છે. શ્રી ઓર્ગેનાઇઝેશન ફોર ઇકોનોમિક કો–ઓપરેશન એડ ડેવલપમેન્ટ (OECD) કરેલા દિશા–નિર્દેશો (DIRECT -IONS) અનુસાર–અગાઉથી પરવાનગી લીધા વિના કોઇ પ્રકારની માહિતી કે તેનો સંસાધનો (RESOURCES)ના પ્રસારણ – વિસ્તરણ સંબંધી કોઇપણ અનાધિકૃત, અનૈતિક કે કોઇપણ ગેરકાનુની કાર્ય અને સાઇબર અપરાધ ગણાય છે. વાસ્તવમાં આ એક વ્યાપક (BRANDS ENCE) વ્યાખ્યા છે તેના અંતર્ગત કોઇ પણ નૈતિક, વ્યવસાયિ સામાજીક રીતે નુકશાનકારક સામગ્રીનું પ્રસારણ ઇ–મેઇલ કે અન્ય સંચાર માધ્યમથી કોઇને પરેશાન કરવા માનસિક ત્રાસ આપવો, ધાકધમકી આપી પૈસા વસુલ કરવા, ફંડ–ફાળો ઉઘરાવવો કોઇ એક સાઇટ કે નેટવર્કને હેક કરવું, અને પછી તેને માટે પૈસાની માંગણી કરવી, કંપની કે અંગત માહિતીની ચોરી કરી વેચાણ કરવું ચાઇલ્ડ પોનોગ્રાફી ગેબંલિંગ, વગેરે–વગેરે આવી બધી જ અયોગ્ય પ્રવૃત્તિઓ સાઇબર અપરાધ અંતર્ગત આવે છે.

હાલમાં થયેલા એક સર્વેક્ષણ અનુસાર સાઇબર સ્પેશમાં લગભગ ૬૦,૦૦૦થી વધુ વાઇરસો હયાત છે જેમાં અતિકમણથી કોમ્પ્યુટરમાં સંગ્રહિત માહિતી અને તેના એપ્લિકેશન સોફટવેરર્સને કરપ્ટ થવાથી લાખો કરોડો રૂપિયાનુ નુકશાન થઇ રહ્યું છે. આ પ્રકારનો વાઇરસો ખુબ જ ઝડપથી ફેલાતા હોય છે જેથી તેના ઝડપી નિયંત્રણ અને નિરાકરણ માટે જે પ્રયાસો કરવામાં આવે છે તેની સિધી અસર આપણી અર્થ વ્યવહાર પડે છે.

જયારે કોઇ પણ ગુનાહિત પ્રવૃત્તિઓ માટે, કોઇ પણ પ્રકારે ઇન્ટરનેટનો ઉપયોગ એક માધ્યમ તરીકે કરવામાં આવે છે ત્યારે તે બધા જ પ્રવૃત્તિઓ સાઇબર ટકેનોલોજી અને ઉત્કૃષ્ટ જ્ઞાનનો અયોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે છે અને ગુનેગારો પણ ઉચ્ચ શૈક્ષણિક યોગ્યતા ધરાવતા હોય છે. હાઇ–ટેક સાઇબર અપરાધોમાં હેકિંગ, ફિશિંગ, સ્ટોકિંગ, માહિતીની ચોરી અને વેચાણ, જાસુસી તથા આંતકવાદી ગતિવિધિઓ સામેલ છે. આ પ્રવૃત્તિઓનો શિકાર વ્યાસાયિક, વાણિજય બેકીંગ ક્ષેત્રો અને ઇન્શ્યોરન્સ ક્ષેત્રો બને છે અને તેમને પારવાર નુકશાન થાય છે.

વિશ્વભરમાં સાઇબર ક્રાઇમની સૌથી મોટી સમસ્યા અમેરિકામાં છે તેનું કારણ ત્યાં કોમ્પ્યુટર અને ઇન્ટરનેશની ઉપયોગીતા સૌથી વધુ માત્રામાં છે. વ્યકિત દીઠ કોમ્પ્યુટર્સની સંખ્યા અમેરિકામાં સૌથી વધુ છે. અન્ય દેશોમાં પણ તેનો વ્યાપ વધવાથી સાઇબર અપરાધોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે. એક સર્વેક્ષણ અનુસાર ફકત અમેરિકામાં જ સાઇબર ક્રાઇમને લીધે પ્રતિવર્ષ ૧૦ અબજ ડોલર્સનુ નુકશાન થાય છે. ઇંગ્લેન્ડમાં બ્રિટીશ બેકિંગ એસોસિએશને સાઇબર ક્રાઇમને કારણે પ્રતિ વર્ષ આઠ લાખ ડોલર્સનુ નુકશાન થતું હોવાની વાત કરી હતી. આ સિવાય જર્મનીમાં પુરીષ્ટિયન કમિશને કોમ્પ્યુટર આધારીત હેરાફેરીને લીધે થતા નુકશાનનો આંકડો વીસ લાખ ડી.એમ. જણાવ્યો હતો. આ તો થઇ વિશ્વની વાત, પરંતુ ભારતમાં પણ છેલ્લા દસ વર્ષમાં સાઇબર અપરાધનોની સંખ્યા ઝડપથી વધી રહી છે. અને તેનાથી થતું આર્થિક નુકશાન ૧૦૦ લાખ રૂપિયા આંકવામા આવ્યું છે.

આ સમસ્યાનું નિરાકરણ શોધવા માટે ભારત સરકારે સન ૨૦૦૦માં સુચના

પ્રૌદ્યોગિકી અધિનિયમ લોક સભામાંથી પસાર કરાવી સુચના પ્રૌદ્યોગિકી રીતે પણ કાનુના દાયરામાં લાવી દીધુ છે આ સિવાય એક સાઈબર ક્રાઈમ ઈન્વેસ્ટિગેશ સેલ અને સાઈફર ક્રાઈમ રિસર્ચ એંડ ડેવલપમેન્ટ યુનિટની સ્થાપના કરી છે. જેથી કથિત સાઈબર અપરાધિઓને પકડી શકાય અને તેનાથી થતું આર્થિક નુકશાન અટકાવી શકાય.

## ગુનેગાર કોણ ?

સાઈબર અપરાધ ખુબ જ વધી રહ્યા છે. હાલમાં જ થયેલી કેટલીક ઘટનાઓ જોતા અને તેનો ઈતિહાસ પણ બતાવે છે કે ફકત ગુનાહિત કે વિકૃત માનસ ધરાવત લોકોને વર્ગ નહી પરતુ કેટલાક ઉચ્ચ શિક્ષીત, ડોકટર્સ, એન્જિનીયર્સ અને સાધન-સંપન્ન લોકો પણ સાઈબર અપરાધી હોઈ શકે છે. મોટાભાગના ગંભીર પ્રકારના સાઈબર અપરાધ જેનાથી ભારે આર્થિક ક્ષતિ પહોંચતી હોય તેવા અધિકતમ અપરાધોમાં ઉચ્ચ ટેકનીક જ્ઞાન ધરાવતા વિદ્યાર્થીઓ સામેલ હોય છે. આ પ્રકારની ગુનાખોરીમા કોઈ વયમર્યાદા પણ નથી દસ વર્ષના વિદ્યાર્થીથી લઈને પાંસઠ - સીત્તેર વર્ષના સિનીયર સિટીઝન પણ આમાં સામેલ હોઈ શકે છે આ સંદર્ભમાં કેટલીક સ્વયંસેવી સંસ્થાઓએ કરેલા અધ્યપનો પછી એવુ જોવામા આવ્યુ છેકે કોઈ એક મલ્ટીનેશનલ કંપનીના કર્મચાર કોમ્પ્યુટર નિષ્ણાંતો પણ આ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિઓ આચરતા હોય છે અથવા તો પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ (DIRECT -INDIRECT) રીતે તેમની આમા સંડોવણી હોય છે. એક અનુમાન અનુસાર ૮૦ ટકા સાઈબર અપરાધ કંપનીઓના વિરૂદ્ધ (DISTURBED) કર્મચારીઓ દ્વારા જ આચરવામા આવ્યા હતા એક અભ્યાસ મુજબ કોમ્પ્યુટર કે કોમ્પ્યુટર નેટવર્કને ૭૦ ટકા ખતરો તેના આંતરિક સ્ત્રોતોથી હોય છે એવુ બહાર આવ્યું છે. બાકી તો ૩૦ ટકા ખતરો બાહ્ય અપરાધિક પ્રવૃત્તિઓ કે ગતિવિધિઓથી થતો હોય છે. પરંતુ આજે જેમ જેમ ઝડપી ડેટા-પ્રોસેસિંગ, કોમ્પ્યુટર રિમોટ એકસેસ (WI-FI-WINMAX BLUE-THOOTH etc.) અને અદ્યતન દુરસંચાર ટેકનોલોજીમાં થઈ રહેલી પ્રગતિથી હવે બાહ્ય સ્ત્રોતોનો ખતરો પણ ઝડપથી વધી રહ્યો છે.

કયારેક મોટી મોટી કંપનીઓ, ઔદ્યોગિક ગૃહો પ્રતિસ્પર્ધાને લઈને કે જલસીથી બીજી કંપનીઓને પરેશાન કરવા માટે પણ સાઈબર અપરાધનો સહારોલેતા હોય છે. આ સિવાય બીજો એક વર્ગ હેકર્સનો સામાન્યઃ આ લોકો સ્વભાવગતઃ અપરાધી નથી હોત પરંતુ આનંદ, રોમાંચ કે પછી પોતાનું અસ્તિવ દર્શવવામા કે શકિત પ્રદર્શન માટે આવી ગેરકાનુની પ્રવૃત્તિઓ કરતા હોય છે. તેમનો ઉદ્દેશ્ય કોઈને આર્થિક નુકશાન પહોંચાડવાનો હોતો નથી.

**સાઈબર આતંકવાદ :** ઈન્ટરનેટનો ઉપયોગ હવે વિવિધ આતંકવાદી સંગઠનો પોતાના બદ-ઈરાદા પાર પાડવા માટે પણ કરવા લાગ્યા છે. ગુપ્ત સંદેશાઓના આદાન-પ્રદાન કરવા માટે તેઓ સ્વતંત્ર વેબ-સાઈટ પણ નિર્માણ કરે છે. એક સર્વેક્ષણ અનુસાર હાલમાં લગભગ ૪૦૦૦ થી વધુ આતંકવાદી સંગઠનોની પોતાની અંગત વેબસાઈટ ઈન્ટરનેટ પર ઉપલબ્ધ છે. આની વેબસાઈટોના માદયમથી તેઓ પોતાના દુષ્કૃત્યા પ્રચાર-પ્રસા ધનરાશી એકત્ર કરવ ધાક - ધમકી આપવી વગેરે કાર્યો કરે છે. સાથે - સાથે પોતાનું નેટવર્ક વિસ્તારિત કરવા માટે નવા આતંકવાદી યુવાનોની ભરતી પણ પોતાના રોજીંદા કાર્યમાં ઈન્ટરનેટનો વ્યાપક રીતે ઉપયોગ કરે છે. ત્યારે આવી પરિસ્થિતિમાં આતંકવાદીઓ તરફથી તેમને મોટો ખતરો ઉભો થયો છે. આતંકવાદી સંગઠનો પોલીસ કે સેનાની સામાન્ય સંચાર- વ્યવસ્થા, પત્ર-વ્યવહાર તથા અન્ય કોમ્પ્યુટર આધારિત સેવાઓમાં અવરોધ ઉભો કરી શકે છે તેમને નુકશાન પણ પહોંચાડી શકે છે. અમેરિકા પર ૯/૧૧નો આતંકવાદી હુમલા પછી મોટાભાગના દેશોએ પોતાના કોમ્પ્યુટર્સ અને અંગત નેટવર્કથી સુરક્ષા ખુબ જ વધારી દીધી છે.

એક સૌથી વધુ ખતરનાક માહિતી એવી પણ છે કે આજે કેટલાક આતંકવાદી સંગઠનો પોતાની સોફટવેર પર ડેવલોપમેન્ટ અને આઇ.એ. સંબંધિત કંપનીઓ ખોલીને બેસી ગયા છે. તેઓ વિવિધ પ્રકારની કોમ્પ્યુટર પ્રણાલીઓ અને નેટવર્કિંગનો કોન્ટ્રાકટ પણ મેળવી રહ્યા છે. હાલમાં જ જાપાનમાં આ પ્રકારનો એક કિસ્સો બહાર આવ્યો હતો, એમાં પોલીસ પેટ્રોલિંગ અને નિયંત્રણ પ્રણાલી આવી જ એક આંતકવાદી કંપની દ્વારા વિકસિત અને ઈન્ટોલ કરવામાં આવી હતી. પછી ખબર પડી કે આજ આતંકવાદી સોફટવેર કંપની પર ટોકિયોની ભૂમિગત પરિવહન વ્યવસ્થા અને સબવેપર હુમલો કરીને અનેક નિર્દોષ લોકોને મારવાનો આરોપી હતો.જાપાન ઉપરાંત ચીન, ઈઝરાયલ, ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન વગેરે દેશોમા પણ સાઈબર આતંકવાદની અનેક ઘટનાઓ બનેલી છે. પરંતુ તેનો કોઈ પ્રત્યક્ષ પુરાવા મળ્યા નથી તેનું મુખ્ય કારણ ઈન્ટરનેટ છે. ઈન્ટરનેટના માધ્યમથી તેઓ ગમે ત્યાંથી આવી ઘટનાઓને અંજામ આપી શકે છે.

(વધુ આવતા અંકે પ્રકાશિત)

**સંદર્ભ :**

(૧) સાઈબર અપરાધ
સરકારી હિન્દી પત્રિકામાંથી
(૨) ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના
કેટલાક લેખોમાંથી

# સંસ્થા સમાચાર

...✍ હર્ષાંગી યાજ્ઞિક

પ્રિય વાચક મિત્રો,

વિદ્યાર્થીઓનું નવું સત્ર શરૂ થઇ ગયું ઉનાળું વેકેશનમાં ભણવા સાથે વિવિધ પ્રવૃત્તિઓનો આનંદ વિદ્યાર્થીઓ માણતા હોય છે. લોક વિજ્ઞાન કેન્દ્રમાં પણ ઉનાળું વેકેશનમાં ૨૦૦થી ૨૫૦ વિદ્યાર્થીઓએ વિજ્ઞાનની વિવિધ પ્રવૃતિઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. લોકવિજ્ઞાન કેન્દ્રમાં વિજ્ઞાનલક્ષી વિવિધ કલબો જુલાઇ માસથી શરૂ થઇ ગઇ આપ પણ આપના મિત્ર વર્ગમાં લોકવિજ્ઞાન કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓ જણાવશો જેથી વધુને વધુ વિજ્ઞાનમાં રસ ધરાવનારા વિદ્યાર્થીઓ આ સંસ્થાનો લાભ લઇ શકે.

એપ્રિલ ૨૦૧૮થી જુન ૨૦૧૮ સુધીના સમયમાં લોકવિજ્ઞાન કેન્દ્રમાં થયેલી વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ નીચે પ્રમાણે છે.

**અંધશ્રદ્ધા પાછળનું વિજ્ઞાન :** આ કાર્યક્રમ લોકવિજ્ઞાન કેન્દ્રના શ્રી દિનેશ ગાંધી દ્વારા ઘણા વર્ષોથી ગ્રામ્ય-શહેર વિસ્તારમાં કરવામાં આવે છે અને લોકોમાં રહેલી અંધશ્રદ્ધા નિવારણ માટે વિજ્ઞાન દ્વારા સમજણ આપવામાં આવે છે.

(૧) તા. ૧૨-૪-૨૦૧૮ના રોજ પાદરા ગામમાં આવેલા જલારામ મંદિર ખાતે આ કાર્યક્રમ આયોજાયો હતો અને અંધશ્રદ્ધા પાછળનું વિજ્ઞાન સમજાવતા વિવિધ પ્રયોગોનું નિદર્શન કરાયું હતું. આ કાર્યક્રમમાં ૯૭ બહેનોએ ભાગ લીધો હતો.

(૨) તા.૨૫-૫-૧૮ના રોજ લોક વિજ્ઞાન કેન્દ્રમાં મહાવીર ફાઉન્ડેશનના કાયાકલ્પ પ્રોજેક્ટનાં ૩૫ વિદ્યાર્થીઓ અને ૨ શિક્ષકોએ ભાગ લીધો હતો.

(૩) તા.૩૦-૫-૨૦૧૮ના રોજ વડોદરા જેલમાં આ કાર્યક્રમ કર્યો હતો જેમાં ૮૬ બહેનોએ ભાગ લીધો હતો.

**ઉનાળું વેકેશન કાર્યક્રમો :**

(૧) મ્યુનિસિપલ શાળાના વિદ્યાર્થીઓ માટે વાર્ષિક પરીક્ષા પૂર્ણ થયા પછી તા. ૧૬-૪-૨૦૧૮ થી ૨૫-૪-૨૦૧૮ માટે લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે વિવિધ વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિઓ આયોજાઇ હતી.

- તા. ૧૬-૪-૧૮ના રોજયોગ તેમજ આર્ટ અને ક્રાફ્ટ વર્ક વિદ્યાર્થીઓને શીખવાડવામાં આવ્યું હતું.
- તા. ૧૭-૪-૨૦૧૮ના રોજ અંધ શ્રદ્ધા પાછળનું વિજ્ઞાન સમજાવતા પ્રયોગોનું નિદર્શન કરાયું હતું.
- તા.૧૮-૪-૨૦૧૮ના રોજ કાગળમાંથી પ્લેનના વિવિધ મોડલ બનાવતા શીખવાડવામાં આવ્યા હતા.
- તા.૧૯-૪-૨૦૧૮ના રોજ એસ્ટ્રોનોમી વર્કશોપ યોજાયો હતો જેમાં બાળકોએ ટેલિસ્કોપમાંથી સૂર્યદર્શન કર્યુ હતું.
- તા.૨૦-૪-૨૦૧૮ના રોજ શ્રી વસંતલાલ જાદુગરે જાદુના પ્રયોગો બતાવી વિદ્યાર્થીઓને ખુબ ખુશ કર્યા હતા. તા. ૨૧-૪-૨૦૧૮ના રોજ વિદ્યાર્થીઓને રોકેટ વિષે જ્ઞાન અપાયું હતું.
- તા. ૨૩-૪-૨૦૧૮ના રોજ વિદ્યાર્થીઓને બાયોલોજીના પ્રયોગો અંતર્ગત માઇક્રોસ્કોપમાં સ્લાઇડ જોતા શીખવાડ્યું હતું.
- તા. ૨૪ અને ૨૫-૪-૨૦૧૮ના રોજ વિજ્ઞાનના સિદ્ધાંત સમજાવતા મોડલ્સ બાળકોએ બનાવ્યા હતા. આ દસ દિવસના વર્કશોપમાં બધા દિવસ બાળકોએ યોગ કર્યા હતા. આ કાર્યક્રમમાં ગોત્રી, ગદાપુરા, સુભાનપુરા, ગોરવા વિસ્તારના કોર્પોરેશનના બાળકો તેમજ ઓરા એજ્યુકેશન ટ્રસ્ટના કુલ ૫૦ વિદ્યાર્થીઓએ ૧૦ દિવસ ભાગ લીધો હતો અને વિજ્ઞાનને માણ્યું હતું.

**વિજ્ઞાન રથ : સાયન્સ ઓન વ્હીલ્સની પ્રવૃત્તિઓનો અહેવાલ**

જીએસીએલ દ્વારા કોમ્યુનીટી સાયન્સ સેન્ટરને એક વિજ્ઞાન રથ આવ્યો છે જેના દ્વારા અંતરિયાળ ગામડાઓમાં જઇને વિદ્યાર્થીઓને વિજ્ઞાનના મોડલ્સ, અંધ શ્રધ્ધાના પ્રયોગો, પ્રદર્શન, સૂર્ય ઊર્જાનો ઉપયોગ અને તેના સાધનોની સમજૂતી આપવામાં આવે છે. આ કાર્યક્રમ નીચે પ્રમાણે આયોજાયો હતો.

(૧) તા. ૧૯-૪-૨૦૧૮ના રોજ ગ્રામ્ય વિસ્તાર અટાલી વાગરા, ભરૂચ ખાતે પ્રાથમિક મિશ્ર શાળામાં ૯૦ વિદ્યાર્થીઓ તેમજ ૪ શિક્ષકો સમક્ષ આ કાર્યક્રમ આયોજાયો હતો.

(૨) તા. ૧૯-૪-૨૦૧૮ના રોજ પ્રાથમિક મિશ્ર શાળા સુવા, વાગરા, ભરૂચ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં ૮૫ વિદ્યાર્થીઆ અને ૪ શિક્ષકોએ ભાગ લીધો હતો.

(૩) તા. ૨૦-૪-૧૮ના રોજ પ્રાથમિક મિશ્ર શાળા જોલારા, વાગરા, ભરૂચ ખાતે ૧૧૦ વિદ્યાર્થીઓ, ૫ શિક્ષકો અને ૧૫ ગ્રામ્યજનોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.

**(૧) લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાયેલ ઉનાળુ વેકેશન કાર્યક્રમ :**

દર વર્ષે મે મહિનામા લોક વિજ્ઞાન કેન્દ્રમાં ૩૦ દિવસીય વિજ્ઞાનલક્ષી વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. તા. ૩૦-૪-૧૮ થી ૨-૬-૧૮ સુધી ૫ અઠવાડીયા માટે આ કાર્યક્રમ આયોજાયો હતો.

(૨) તા. ૩૦ -૪- થી ૨-૬-૧૮ થી ૫ અઠવાડીયા પર્યંત યોગા અને ક્રાફટ,

વિજ્ઞાનના પ્રયોગો, કોમ્પ્યુટરમાં વિજ્ઞાનની રમતો વગેરે વિષયોને આવરી લઈ રોજ ૩ કલાક આ કાર્યક્રમ આયોજાયો હતો. જે કોમ્બો કાર્યક્રમ હતો જેમાં ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

(૧) તા. ૩૦-૪ થી ૨-૬-૧૮ સુધી શ્રી હિમેશ બ્રહ્મભટ્ટ દ્વારા ચેસની રમત શીખવાડવામા આવી હતી જેમાં ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

(૨) ૧૯-૫- થી ૨૧-૫ તેમજ ૨૫-૫ થી ૩૦-૫-૧૮ એમ બે વાર એસ્ટ્રોનોમી વર્કશોપનું આયોજન કરાયું હતું. જેમાં શ્રી અરૂણ શાઈવાલે દ્વારા બાળકોને સૂર્ય, સૂર્યમંડલ, ગ્રહો, ઉપગ્રહો વગેરેની સમજણ અપાઈ હતી. મોટા ટેલિસ્કોપથી રાત્રિ આકાશ દર્શન પણ કરાવાયું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

(૪) તા. ૩૦-૪ થી ૨-૬-૧૮ સુધી શ્રી રાકેશ જોષી દ્વારા ૩૦ જેટલા વિજ્ઞાનના વર્કીંગ મોડેલ્સ વિદ્યાર્થીઓ પાસે બનાવ્યા હતા ૩૪ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ વિજ્ઞાનના મોડલ્સ બનાવ્યા હતા.

(૫) તા. ૭-૫ થી ૧૯-૫-૧૮ સુધી મૉડેલ રોકેટ્રી તેમજ મલ્ટી સ્ટેજ રોકેટ્રીનો વર્કશોપ શ્રી દિગંત જોષી દ્વારા આયોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

**ઊર્જા બચાવો કાર્યક્રમ :**

(૧) પેટ્રોલિયમ કન્ઝર્વેશન રીસર્ચ એસોસીએશનના સૌજન્યથી લોકવિજ્ઞાન કેન્દ્રના સાયન્સ કોમ્યુનીકેર્ટસ તેમજ ઊર્જા તજજ્ઞ ડૉ. બી.જી. દેસાઈ દ્વારા વિદ્યાર્થીઓ માટે યુથ પ્રોગ્રામ તેમજ બહેનો માટે ડોમેસ્ટીક વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. જેમાં ઘરમાં ઈલેકટ્રીસીટી, ગેસ, પેટ્રોલ બચાવવા માટે શું કરવું અને ઊર્જાના કાર્યદક્ષ સાધનોના ઉપયોગથી ઈલેકટ્રી-સીટીની બચત વિષય અંતર્ગત સમજણ આપવામાં આવે છે.

**ડોમેસ્ટીક વર્કશોપ :** તા. ૪-૫-૨૦૧૮ના રોજ લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે ૭ જિલ્લામાંથી આવેલ ૭૨ શિક્ષકોને ઊર્જા સંરક્ષણ અને ઊર્જાના કાર્યદક્ષ ઉપયોગ વિષયક વાર્તાલાપ અપાયો હતો.

**યુથ પ્રોગ્રામ :** તા.૧૬-૫-૨૦૧૮ ના રોજ સીગ્મા ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જીનીયરીંગના ૩૫ વિદ્યાર્થીઓ અને ૨ શિક્ષકોને ઊર્જા તજજ્ઞ ડૉ. બી. જી. દેસાઈ દ્વારા ઘરમાં ઊર્જા બચત વિષયક વાર્તાલાપ અપાયો હતો.

(૨) તા. ૨૬-૫-૨૦૧૮ના રોજ મહાવીર ફાઉન્ડેશનના કાયાકલ્પ પ્રોજેકટના ૪૫ વિદ્યાર્થીઓ અને ૨ શિક્ષકોએ ઘરમાં ઊર્જા બચત વિષયક વાર્તાલાપનો લાભ લીધો હતો.

(૩) તા. ૧૩-૬-૨૦૧૮ના રોજ ITI તરસાલીના ઈલેકટ્રીકલના વિદ્યાર્થીઓને ઊર્જા તજજ્ઞ ડૉ. બી. જી. દેસાઈ દ્વારા ઘરમાં ઊર્જાનો વપરાશ તેની બચત અને ઈલેકટ્રીક-સીટી બીલનું વાંચનની સમજણ આપતો વાર્તાલાપ અપાયો હતો.

(૪) તા. ૧૪-૬-૨૦૧૮ના રોજ ITI વાયરમેન વિભાગના ૪૫ વિદ્યાર્થીઓ અને ૨ શિક્ષકાને ઊર્જા તજજ્ઞ ડૉ. બી. જી. દેસાઈ દ્વારા વાર્તાલાપ અપાયો હતો.

(૫) તા. ૧૫-૬-૨૦૧૮ના રોજ આઈ ટી આઈ તરસાલીને ફીટર વિભાગમાં ૪૦ વિદ્યાર્થીઓ તેમજ ૨ શિક્ષકોને ઘરમાં ઊર્જા બચત વિષયક વાર્તાલાપ ડૉ. બી. જી. દેસાઈ દ્વારા અપાયો હતો.

(૬) તા. ૨૨-૬-૨૦૧૮ના રોજ વિબગ્યોર સ્કુલના ૭૫ વિદ્યાર્થીઓ અને ૪ શિક્ષકો સાથે ઊર્જા બચતનો કાર્યક્રમ આયોજાયો હતો. વિદ્યાર્થીઓને પુનઃ પ્રાપ્ય ઊર્જાના સ્ત્રોતો અને તેના ઉપયોગની સમજણ આપવામાં આવી હતી.

**લોકભોગ્ય પ્રવચન :**

(૧) તા. ૪-૫-૨૦૧૮ના રોજ લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે ૧૨૦ શિક્ષકો સમક્ષ ગ્બોબલ વોર્મિંગ વિષયક વાર્તાલાપ સંસ્થાના ડાયરેકટર ડૉ. જીતેન્દ્ર ગવળી દ્વારા અપાયો હતો.

(૨) તા. ૫-૫-૨૦૧૮ના રોજ નેચર ગ્રુપના શ્રીમતી નેહા સરવરે દ્વારા લોકવિજ્ઞાન કેન્દ્રમા Citizen initiative towards salvaging water bodies. Water usages and harvesting the waste management. વિવિધ દિનની ઉજવણી.

**(૧) ઓઝોન દિનની ઉજવણી :** તા.૧૨-૪-૧૮ના રોજ ઉજવણીના ભાગરૂપે જલારામ મંદિર, પાદરા ખાતે ફિલ્મ શો તેમજ પ્રદર્શનનું આયોજન કર્યુ હતું જેમાં ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

**(૨) એસ્ટ્રોનોમી દિનની ઉજવણી :** ૨૧-૪-૨૦૧૮ના રોજ મ્યુનિ. કોર્પો.માં ૫૦ બાળકો સાથે આ દિનની ઉજવણી કરી હતી જેમાં બાળકોને પૃથ્વીનું પરિક્રમણ રાત- દિવસ-ઋતુઓ વગેરે મોડલ્સ દ્વારા સમાજવામાં આવ્યા હતા.

**(૩) વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી** ૫-૬-૨૦૧૮ના રોજ લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે એબીબી કંપનીના કર્મચારીના ૪૫ બાળકો અને ૯ સ્ટાફ મેમ્બર્સ સાથે પ્રદુષણ મુકત પર્યાવરણ ઉપર વાર્તાલાપ અપાયો હતો તેમજ

ફિલ્મ શોનું નિદર્શન કરાયું હતું.

**(૪) યોગા દિનની ઉજવણી :**

તા. ૨૧-૬-૨૦૮ના રોજ વર્લ્ડ હિલીંગ ફાઉન્ડેશન) સાથે લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે આ કાર્યક્રમ આયોજાયો હતો જેમાં ૧૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

**(૫) વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી :**

તા. ૩-૬-૨૦૧૮ના રોજ ગ્રીનેથોન કાર્યક્રમમાં કોમ્યુનીટી સાયન્સ સેન્ટર ભાગ લીધો હતો .

**(૬)ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એન્જસી પુરસ્કૃત કાર્યક્રમ :**

તા.૭-૬-૨૦૧૮ અને૮-૬-૨૦૧૮ના રોજ લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે એલર્ટ બ્રાહ્મણી સહેલી સર્કલની બહેનો સાથે ઘરમાં ઊર્જા બચત વિષયક વાર્તાલાપ આયોજન કરાયું હતું આ વાર્તાલાપ ઊર્જા તજજ્ઞ ડૉ. બીજી. દેસાઇ તેમજ શ્રી રાજુ પંડ્યા દ્વારા અપાયો હતો. આ કાર્યક્રમમાં કુલ ૧૦૦ બહેનોએ ભાગ લીધો હતો.

**(૬) ચિત્ર સ્પર્ધા :**

જીપીસીબી દ્વારા પોલ્યુશન ફ્રી પ્લાસ્ટીક વિષય ઉપર વિજ્ઞાન કેન્દ્ર ઉપર તા. ૧૭-૫-૨૦૧૮ના રોજ તા. ૧-૬-૨૦૧૮ના રોજ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

**(૭) રાત્રિ આકાશ દર્શન કાર્યક્રમ :**

તા. ૧૯-૫-૨૦૧૮ના રોજ લોક વિજ્ઞાન કેન્દ્રની અગાશી ઉપ ૧૬ ઇંચના મોટા ટેલિસ્કોપથી ચંદ્ર, શુક્ર, ગુરૂ, મંગળ, સપ્તર્ષિ, ધ્રુવ, શનિ, કેપેલી, લાલ તારો, વેગા વગેરેનું નિદર્શન કારાયું હતું. તજજ્ઞ શ્રી અરૂણ સાઇવાલે આ નિદર્શન કર્યુ હતું. જેમાં ૩૦ વિદ્યાર્થીઓએ તેમજ રસ ધરાવનાર લોકોએ ભાગ લીધો હતો.

**(૯) લોક ભોગ્ય પ્રવચન :**

એગ્રો ફોરેસ્ટ્રી પ્રોગ્રામ અંતર્ગત વડોદરા ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ દ્વારા આ કાર્યક્રમ એનીમલ રેસ્કયુ સેન્ટર કર્મ ફાઉન્ડેશન ખાતે Benefical Native Trees and Plants along agril. Fields/ hedges ઉપર તા. ૧૯-૬-૨૦૧૮ના રોજ સંસ્થાના ડાયરેકટર ડો. ગવળી દ્વારા વાર્તાલાપ અપાયો હતો. તેમા કર્મ ફાઉન્ડેશનના ૧૨૦ સભ્યોએ ભાગ લીધો હતો.

Training For Right to Information Act : આ વિષય અંતર્ગત શ્રી રોહિત પ્રજાપતિએ લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે નેચર વોક ગ્રુપના ૩૫ સભ્યોએ વિષયને સમજાવ્યો હતો.

**નેશનલ IPR ટ્રેનીંગ કાર્યક્રમ :**

તા. ૨૬-૬-૨૦૧૮ થી ૨૮-૬-૨૦૧૮ પર્યત ૩ દિવસીય ટ્રેનીંગ કાર્યક્રમ GUJCOST ગાંધીનગર ખાતે આયોજાયો હતો. જેમા સંસ્થાના શ્રી દિનેશ ગાંધી હાજર રહ્યા હતા.

(આમ શા માટે ?.... પાના નંબર : ૧૦નું અનુસંધાન ચાલુ...)

તમે જાણો છો કે પૃથ્વી સૂર્યની આસપાસ લગભગ વર્તુળાકાર કક્ષામાં ફરે છે અને આ સાથે સૂર્ય વિવિધ તારા મંડળો પસાર કરતો જાય છે. આ તારા મંડળો ૧૨ રાશિઓમાં વિભાજિત થયેલાં છે અને સૂર્ય દરેક ચંદ્રમાસે એક રાશિ પસાર કરે છે. જે ચંદ્ર માસમાં સૂર્ય રાશિ ન બદલે તેને અધિક માસ તરીકે ગણી લેવાય છે.

આ પ્રકારનો વધારાનો માસ તે કોઇ વિશેષ ઘટના નથી. સૂર્ય વર્ષમાં પણ દર વર્ષે એક દિવસના ચોથા ભાગ જેટલી ભૂલ આવે છે. જેથી દરેક ચોથું વર્ષ લીપ વર્ષ ગણવામાં આવે છે. આવા વર્ષમાં ફેબ્રુઆરી માસમાં ૨૮ને બદલે ૨૯ દિવસ હોય છે.

**ઊગતો કે આથમતો સૂર્ય બપોરના સૂર્ય કરતાં મોટો કેમ જણાય છે.**

પૃથ્વીથી સૂર્યનું અંતર આશરે ૧૫ કરોડ કિલોમીટર જેટલું છે. ઉદય અથવા અસ્ત પામતો સૂર્ય બપોરના સૂર્ય કરતા આપણાથી દુર હોય છે.

આ અંતરનો તફાવત આશરે ૬,૦૦૦ કિલોમીટર છે જે પૃથ્વીની ત્રિજ્યા જેટલો છે. જો કે આ અંતર પૃથ્વી અને સૂર્ય વચ્ચેના અંતરની સરખામણીમાં નજીવું છે અને તે કારણે કંઇ આપણને દેખાતા સૂર્યના આકારમાં ખાસ તફાવત ન પડે ! છતાં જો અસર થતી હોય તો બપોરનો સૂર્ય જરા મોટો દેખાવો જોઇએ. તેને બદલે ઊલટી અસર કેમ જણાય છે? સવારે અથવા સાંજે સુર્ય મોટો દેખાવાનું કારણ દષ્ટિ ભ્રમણા છે.

જો તમે સવારે તથા બપોરે બંને સમયે સૂર્યનો ફોટોગ્રાફ લેશો તો કદમાં કોઇ તફાવત નહીં હોય. આવી જ દષ્ટિ ભ્રમણાને લીધે પૂર્ણિમાનો ઊગતો ચંદ્ર પણ ઘણો મોટો દેખાય છે ! આવી દષ્ટિ-ભ્રમણાનુ કારણ કદાચ એ છે કે ઊગતા કે આથમતા સુર્યને આપણે તેની સાથે જ દેખાતાં વૃક્ષ, ઘર કે અન્ય પદાર્થો સાથે સરખાવીએ છીએ જયારે બપોરના સૂર્યની નજીક તો આવા કોઇ પદાર્થો હોતા નથી જેથી સરખામણી થાય. ટૂંકમાં આ ઘટના આપણી કલ્પનાનું જ પરિણામ છે.

(સંદર્ભ : જીવ, સૃષ્ટિ અને બ્રહ્માંડ)

# અમારી પ્રવૃત્તિઓ





ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના સહયોગથી પોલ્યુશન ફ્રી પ્લાસ્ટીક વિષય ઉપર ચિત્ર સ્પર્ધા



PCRA પુરસ્કૃત ‘‘ઊર્જા બચાવો’’ કાર્યક્રમમાં
ઊર્જા તજજ્ઞ ડૉ. બી.જી. દેસાઇનો વાર્તાલાપ



GEDA પુરસ્કૃત બહેનો માટેનો કાર્યક્રમ ‘‘ઘરમાં ઊર્જા બચાવો’’ વિષયક
વાર્તાલાપ આપતા શ્રી રાજુ પંડ્યા



લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે વેકેશન દરમ્યાન ચેસ શીખતા બાળકો.



મ્યુનિસિપલ શાળાનાં બાળકો સાથે રોબોટિક્સ વર્કશોપ



મોડેલ રોકેટ્રી વર્કશોપમાં પોતે બનાવેલ રોકેટનું લોન્ચીંગ કરતા વિદ્યાર્થીઓ

Regd. No.:GUJ BIL 00745/08/1/2008 - TC

# યુનાઈટેડ વે ઓફ બરોડા દ્વારા વિજ્ઞાન એક્સપ્રેસ વાન અર્પણ કરાઈ






## સાયન્સ એક્સપ્રેસ સ્કૂલોમાં જઈને બાળકોને સાયન્સ પ્રેમી બનાવશે




સરકાર દ્વારા સંચાલિત પંડિત દીનદયાળ શાળા, ટીપી સ્કીમ ૧૩, ગોરવા કરોળિયા રોડ ખાતે યુનાઈટેડ વે વડોદરાના સહયોગથી કોમ્યુનિટી સાયન્સ સેન્ટરને સાયન્સ એક્સપ્રેસની ભેટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમના અનાવરણમાં મેયર ડો. જિગીષાબેન, જીલ્લા શિક્ષણ અધિકારી, પ્રાથમિક શિક્ષણ અધિકારી, યુનાઈટેડ વેના ડૉ. અગ્રવાલ, ડૉ. બિનિતા વડીયા, કોમ્યુનિટી સાયન્સ સેન્ટર–વડોદરાના ચેરમેન ડૉ. મુનીભાઈ મહેતા, ડૉ. જીતેન્દ્ર ગવળી ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ સાયન્સ એક્સપ્રેસ અનાવરણ પછી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૨૦ શાળાઓમાં ખાસ વિજ્ઞાન શિક્ષણ માટે ટાટા વિંગર વાહનમાં આ વર્ષ દરમિયાન કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના નિયુક્ત વિજ્ઞાન શિક્ષકો સાથે મળી પ્રયોગાત્મક અભિગમથી એક વરસ માટે વિજ્ઞાન શીખવાડશે. વિજ્ઞાનને સરળતાથી શીખવાની એક અનેરી તક વિદ્યાર્થીઓને મળશે અને આવનારા વર્ષોમાં સરકારી શાળાના વિદ્યાર્થીઓના પણ વિજ્ઞાનમાં સારા પરિણામ આવશે તેવી આશા સેવાઈ રહી છે. આ એક્સપ્રેસ અંતર્ગત વડોદરાના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રૂચી વધે અને વધુ અભ્યાસ સારો કરી શકે.

રવાના :
વિજ્ઞાનેનૈવ વિજાનાતિ
COMMUNITY SCIENCE CENTRE
કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, વડોદરા.
"લોક વિજ્ઞાન ભવન" આરતી સોસાયટી,
આત્મ–જ્યોતિ આશ્રમ રોડ, સુભાનપુરા, વડોદરા–૩૯૦ ૦૨૩.
ફોન : ૨૩૮ ૯૭૪૯ E-Mail : cscvadodara@yahoo.co.in

પ્રતિ શ્રી,

Book - Post

Publisher : Prof. N. M. Bhatt ▪ Editor : Shri R. D. Shah ▪ Owner : Community Science Centre, Vadodara ▪ Printed at : Vadodara
Printer Name & Add. : Shri Navnit Shah, Vardhaman Printery Rajguru's Pole, Gendigate Road, Vadodara-17. E-mail : vardhaman25@gmail.com Ph. : 0265-2564334